# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-06-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1) **કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી મોદીને સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવા બદલ પ્રશંસા કરતો ઠરાવ પસાર કર્યો.**

2) **મોદી સરકારના 12 વર્ષ પૂર્ણ થયાની ઉજવણી માટે દિલ્હીમાં NDA ની બેઠક યોજાઈ.**

3) **કેન્દ્રીય મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના તબક્કા 2(A) ને મંજૂરી આપી.**

4) **સરકારે ક્રેડિટ ગેરંટી યોજના2.0 ની માન્યતા લંબાવી.**

5) **સંરક્ષણ મંત્રાલયે 20 અદ્યતન ક્ષમતાવાળા GNSS જામરની ખરીદી માટે 449 કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા.**

…………………………………………………….

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE.CABINET BRIEFING

કેન્દ્રીય મંત્રીમંડળે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવા બદલ પ્રશંસા કરતો ઠરાવ પસાર કર્યો. ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે સતત 4 હજાર 399 દિવસ સેવા આપીને, શ્રી મોદીએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુનો અગાઉનો રેકોર્ડ તોડ્યો, તેમણે  સતત 4 હજાર 398 દિવસ સેવા આપી હતી.બેઠક બાદ પત્રકારોને સંબોધતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ ઠરાવ શ્રી મોદીની રાષ્ટ્ર પ્રત્યેની સતત સેવામાં આ ઐતિહાસિક સીમાચિહ્નને માન્યતા આપે છે.

શ્રી વૈષ્ણવે નોંધ્યું હતું કે 80 કરોડથી વધુ નાગરિકો મફત અનાજ, જ્યારે 60 કરોડથી વધુ લોકો મફત તબીબી સારવાર મેળવી રહ્યા છે. ઠરાવ મુજબ, આ પ્રયાસોએ દેશના આત્મવિશ્વાસને મજબૂત બનાવ્યો છે અને 25 કરોડથી વધુ લોકોને ગરીબીમાંથી બહાર નીકળવામાં મદદ કરી છે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે યુવાનો પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવાથી ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બન્યું છે.

**(BYTE – ASHWINI VAISHNAV)**

આ દરમિયાન, કેન્દ્રીય મંત્રીમંડળે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના તબક્કા 2(A) ને મંજૂરી આપી, આ પ્રોજેક્ટ છ કિલોમીટરથી વધુ મેટ્રો કોરિડોર અને પાંચ સ્ટેશનોનો સમાવેશ કરે છે.

**(BYTE – ASHWINI VAISHNAV)- AHMEDABAD**

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ આંધ્રપ્રદેશના અમરાવતીમાં બે મુખ્ય કેન્દ્ર સરકારના માળખાગત પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપી હતી.આ પ્રોજેક્ટ્સ કુશળ, અર્ધ-કુશળ અને અકુશળ કામદારો માટે નોંધપાત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી કરશે તેવી અપેક્ષા છે.

# NDA - MEETING

રાષ્ટ્રીય લોકશાહી જોડાણ NDAએ આજે ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવાની સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતો ઠરાવ અપનાવ્યો. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે NDA ના સંમેલન દરમિયાન, શ્રી મોદીના નેતૃત્વની પ્રશંસા કરતો એક ખાસ રાજકીય ઠરાવ રજૂ કરવામાં આવ્યો. NDA સરકારના 12 વર્ષ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશના સૌથી લાંબા સમય સુધી સતત સેવા આપતા ચૂંટાયેલા પ્રધાનમંત્રી બન્યા તેની ઉજવણી માટે આ બેઠક યોજાઈ.

ઠરાવ રજૂ કરતા આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ કહ્યું કે, શ્રી મોદી પ્રધાનમંત્રી  તરીકે સેવા આપવા માટે યોગ્ય સમયે, યોગ્ય સ્થાને યોગ્ય નેતા છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ NDA ના મુખ્યમંત્રીઓ અને નેતાઓનો તેમની હાર્દિક શુભેચ્છાઓ બદલ આભાર માન્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે NDA રાષ્ટ્રની સેવામાં અને વિકાસ ભારતના વિઝનમાં નવા જોશ સાથે સાથે કામ કરવાનું ચાલુ રાખશે.

પ્રધાનમંત્રી મોદી સહિત ભાજપના ટોચના નેતૃત્વ ઉપરાંત ગઠબંધનના તમામ ઘટકોએ  બેઠકમાં હાજરી આપી. NDAની બેઠકમાં NDA શાસિત તમામ 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ ઉપરાંત ગઠબંધનના તમામ નેતાઓએ પણ હાજરી આપી છે.

આ બેઠકમાં વિવિધ રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમો, માળખાગત સુવિધાઓના કાર્યક્રમો અને 2047 સુધીમાં દેશને વિકસિત દેશમાં પરિવર્તિત કરવાના મોદી સરકારના વિઝનની સમીક્ષા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# GUJ PM 12 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષના સફળ શાસનની ઉજવણી અંતર્ગત આજે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરના અડાલજ ત્રિમંદિર ખાતે મહાઆરતીમાં સહભાગી થઈ પ્રધાનમંત્રીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દેશના અવિરત વિકાસ માટે મંગલકામના કરી. દરમિયાન આજે વડનગરમાં પણ અનેક ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાંજે ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ભવ્ય "મહા આરતી" અને દસ હજાર દીવા પ્રગટાવવામાં આવશે. ભારતીય જનતા પાર્ટી પણ આજે રાજ્યભરના 18 વિવિધ ધાર્મિક સ્થળોએ એક સાથે સ્વચ્છતા અભિયાન અને મહાઆરતીનું આયોજન કરી રહી છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા પણ આજે પ્રધાનમંત્રીના વતન વડનગરના હાટકેશ્વર મંદિરે મહાઆરતીમાં જોડાશે.

# PM - WISHES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને દેશના સૌથી લાંબા સમય સુધી સતત ચૂંટાયેલા પ્રધાનમંત્રી તરીકે સેવા આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે આ સીમાચિહ્નરૂપ પ્રસંગ દેશના લોકો દ્વારા તેમના નેતૃત્વમાં મૂકેલા સ્થાયી વિશ્વાસ અને વિશ્વાસનો પુરાવો છે. ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું કે આ ઐતિહાસિક સીમાચિહ્ન માત્ર સમયનું માપન નથી, પરંતુ આપણી રાષ્ટ્રીય વિકાસ યાત્રામાં પરિવર્તનશીલ યુગનું પ્રતિબિંબ છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, અશ્વિની વૈષ્ણવ, ડૉ. એસ. જયશંકર, નિર્મલા સીતારમણ, સહિતના કેન્દ્રીય મંત્રીઓએ પણ પ્રધાનમંત્રી અભિનંદન પાઠવ્યા.

મધ્યપ્રદેશના ભોપાલમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સતત 12 વર્ષ કાર્યકાળની યાદમાં પ્રાથના સભા યોજઈ જેમાં મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ભાગ લીધો હતો.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ,આંધપ્રદેશના મુખ્યમંત્રી સહિત વિવિધ રાજ્યોના મંત્રીઓએ પણ પીએમને શુભેચ્છાઓ પાઠવી હતી.

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર અને ઇઝરાયલી રાજદૂત રુવેન અઝારે સહિત વિશ્વના ઘણા અન્ય નેતાઓએ પણ પ્રધાનમંત્રી મોદીને તેમના આ સીમાચિહ્નરૂપ કાર્યકાળ માટે શુભેચ્છા પાઠવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# GOVT-PLI SCHEME

કાપડ ઉદ્યોગ માટે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન-PLI યોજનાના ત્રીજા તબક્કા હેઠળ સરકારે 22 નવા અરજદારોને મંજૂરી આપી છે. કાપડ મંત્રાલયે જણાવ્યું હતું કે યોજનાના ત્રીજા તબક્કા હેઠળ કુલ 96 કંપનીઓની પસંદગી કરવામાં આવી છે. આ કંપનીઓએ 12 હજાર 822 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું છે અને અંદાજિત 58 હજાર કરોડ રૂપિયા થી વધુનું ટર્નઓવર ધરાવે છે. પ્રોત્સાહન યોજના હેઠળ મંજૂર કરાયેલા અરજદારોમાં માનવસર્જિત ફાઇબર, વસ્ત્રો અને ટેકનિકલ કાપડનો સમાવેશ થાય છે.

# META - AI

ફેસબુકની  કંપની, મેટાએ આજે જાહેરાત કરી છે કે તે ભારતમાં તેનું પ્રથમ AI-સક્ષમ ડેટા સેન્ટર સ્થાપિત કરશે. કરાર હેઠળ, મેટા અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ગુજરાતના જામનગરમાં 168 મેગાવોટનો ડેટા સેન્ટર બનાવશે. આ ડેટા સેન્ટર મેટાની ભારત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

વૈશ્વિક કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતનો વિશાળ વપરાશકર્તા આધાર અને ઝડપથી વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થાને કારણે  તે રોકાણ માટે એક આદર્શ સ્થાન છે. જામનગરમાં આ સુવિધા કંપનીને વૈશ્વિક સ્તરે તેના AI માળખાગત સુવિધાને વિસ્તૃત કરવામાં મદદ કરશે, જ્યારે ભારતના અર્થતંત્રમાં તેના લાંબા ગાળાના રોકાણને પણ મજબૂત બનાવશે.

# GOVT-CREDIT GUARANTEE SCHEME

સરકારે માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ માટે ક્રેડિટ ગેરંટી યોજના-2.0 ની માન્યતા આ વર્ષના 31 ઓગસ્ટ સુધી અથવા 20 હજાર કરોડ રૂપિયાની ગેરંટી લાગુ થાય ત્યાં સુધી લંબાવવાની મંજૂરી આપી છે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આજની તારીખે, યોજના હેઠળ કુલ 770 કરોડ રૂપિયાની લોન મંજૂર કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ દ્વારા માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ (MFI) ને ધિરાણ મજબૂત બનાવવા અને નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપની-માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ (NBFC-MFI) ને 20 હજાર કરોડ રૂપિયા સુધીના ક્રેડિટ પ્રવાહ ને સરળ બનાવવા માટે ક્રેડિટ ગેરંટી સપોર્ટ પૂરો પડશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે મોટા કદના NBFC-MFI અને MFI ને 20 ટકા એસેટ અંડર મેનેજમેન્ટની કુલ મર્યાદા હેઠળ મહત્તમ લોન રકમ 300 કરોડ રૂપિયાથી વધારીને 1 હજાર કરોડ રૂપિયા કરવાની મંજૂરી આપી છે.

# JITENDRA- NEP 2020

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ NEP 2020 એ ભારતના શિક્ષણ ક્ષેત્રમાં સૌથી પરિવર્તનશીલ સુધારાઓમાંનો એક અને મોદી સરકારના 12 વર્ષના સૌથી મોટા પાસાઓમાંનું એક છે. નવી દિલ્હીમાં સપ્તાહ શિક્ષણ સંમેલન 2026 ને સંબોધતા, મંત્રીએ જણાવ્યું હતું કે NEP એ વિદ્યાર્થીઓને પૂર્વનિર્ધારિત શૈક્ષણિક માર્ગો સુધી મર્યાદિત રહેવાને બદલે તેમની યોગ્યતા અને આકાંક્ષાઓ સાથે સુસંગત શિક્ષણ મેળવવા સક્ષમ બનાવ્યા છે. ડૉ. સિંહે નોંધ્યું હતું કે વિદ્યાર્થીઓને હવે બાયોટેકનોલોજીથી લઈને સાહિત્ય અને અન્ય ઉભરતા ક્ષેત્રો સુધીના વિવિધ શાખાઓનું અન્વેષણ કરવાની સ્વતંત્રતા છે. તેમણે જણાવ્યું કે ટેકનોલોજીના શ્રેષ્ઠ ઉપયોગથી શિક્ષણને વધુ સુલભ અને સસ્તું બનાવવામાં મદદ મળી છે, જે અગાઉ સમાજના મર્યાદિત વર્ગ માટે તકોને મર્યાદિત કરતા અવરોધોને ઘટાડે છે.

# DEFENCE – CONTRACT

સંરક્ષણ મંત્રાલયે આજે ભારતીય નૌકાદળ માટે 20 અદ્યતન ક્ષમતાવાળા ગ્લોબલ નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ -GNSS જામરની ખરીદી માટે 449 કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા. તેમા ઓછામાં ઓછા 75 ટકા સ્વદેશી સામગ્રી હશે.

સ્વદેશી ડિઝાઇન, વિકાસ અને ઉત્પાદન શ્રેણી હેઠળના આ કરાર પર સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં નવી દિલ્હીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમો સેટેલાઇટ સિગ્નલ સંપાદન અને ટ્રેકિંગમાં વિક્ષેપ પાડીને, સિગ્નલ સ્પૂફિંગ અને ભ્રામક જામિંગ દ્વારા દુશ્મન GNSS રીસીવરોની કામગીરીને નબળી પાડવા સક્ષમ છે. આ સિસ્ટમોના સમાવેશથી ઉચ્ચ જોખમી વાતાવરણમાં ભારતીય નૌકાદળના જહાજોની કાર્યકારી સલામતી વધશે.

# JAISHANKAR-BULGARIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે બુલ્ગેરિયાના સોફિયા ખાતે રાષ્ટ્રીય ઐતિહાસિક સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે જણાવ્યું કે, તેમણે હજારો વર્ષ જૂની કલાકૃતિઓના નોંધપાત્ર સંગ્રહનું અવલોકન કર્યું અને બુલ્ગેરિયાએ તેના સમૃદ્ધ ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસાના અનેક પાસાઓને કેવી રીતે સાચવ્યા છે તેની ઊંડી સમજ મેળવી. વિદેશ મંત્રી સોફિયાની મુલાકાતે છે જ્યાં તેઓ બુલ્ગેરિયન વડા સાથે મુલાકાત કરશે અને તેમના સમકક્ષ સાથે ચર્ચા કરશે.

તેઓ આવતીકાલે કુલતરંતા મંત્રણાના 14મા સંસ્કરણમાં હાજરી આપવા માટે ફિનલેન્ડની મુલાકાત લેશે. તેઓ તેમના સમકક્ષ અને ફિનલેન્ડના વડા સાથે પણ મુલાકાત કરશે.